જન્મદિને વધામણી

હિનાબેન ગગલાણી
એડવોકેટ અને નોટરી
મો. ૯૮૨૪૩ ૯૯૧૨૧

મહેશ મોડ
રિજનલ ફાયર ઓફિસર
ગાંધીનગર રેન્જ
મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨

વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસ
મો. ૯૪૨૯૨ ૦૨૪૭૨

અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહ

શાંતાબેન ત્રિલોકસિંહ રાજપૂત

સંજય બી પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧

૧૬મા શિક્ષણ સેવા અભિયાનનો સાબરકાંઠાથી પ્રારંભ

આજનો યુગ જ્ઞાનનો યુગ છે, કોઈપણ રાજય કે દેશનો વિકાસ શિક્ષણ વિના શકય નથી
શિક્ષણ મેળવવાની ભાવના પ્રબળ બનશે તો ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, હવેનો યુગ એ જ્ઞાનનો યુગ છે. શિક્ષણ વિના ઉધ્ધાર નથી અને શિક્ષણ જ સર્વાંગી વિકાસનો પાયો છે ત્યારે શિક્ષણ મેળવવાની ભાવના પ્રબળ બનશે તો જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ આજે કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શૃંખલાની ૧૬મી કડીનો સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાંબડીયા ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આ તબક્કે લાંબડીયા, દેમતી અને નવાધરાના બાળકોને ધોરણ-૧માં પ્રવેશ કરાવ્યો હતો. જયારે ભુલકાંઓને આંગણવાડીમાં અને ધોરણ-૯ તથા ધોરણ-૧૧માં વિદ્યાર્થીઓનું નામાંકન કરાવ્યું હતું. બાળકો શિક્ષણ મેળવવા-શાળાએ જવા પ્રેરાય તેવું વાતાવરણ નિર્માણ થશે તો આગામી પેઢી શિક્ષિત બનશે અને તેના પગલે શિક્ષિત સમાજનું નિર્માણ પણ થશે. કોઈપણ રાજય-દેશનો વિકાસ શિક્ષણ વિના શકય નથી એમ તેમણે આ વેળાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ આદિજાતી પોશીના તાલુકાના સાધુફળો ખાતે રૂ. ૧.૪૫ કરોડના ખર્ચે નવનિર્મિત સિઝનલ હોસ્ટેલ તથા રૂા. ૫.૦૮ કરોડના ખર્ચે બનાવાયેલા પ્રાથમિક શાળાઓના ૬૦ ઓરડાઓનું પણ લોકાર્પણ કર્યુ હતુ. પોશીના તાલુકાની વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તથા સરસ્વતી સાધના યોજના અંતર્ગત દિકરીઓને સાયકલોનું પણ વિતરણ કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આજે પારસ વિદ્યાલયના એસ.એમ.સી.ના સભ્યો સાથે બેઠક કરી શાળામાં શૈક્ષણિક સુવિધાઓ, અન્ય સુવિધાઓ અનુકુળ વાતાવરણ માટે શિક્ષકો-વાલીઓ વચ્ચે સમન્વય સહયોગ અંગે પણ સર્વગ્રાહી સમીક્ષા કરી સૂચનો કર્યા હતા. તેમણે શાળા પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતું.

આ પ્રસંગે પોશીના તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા મુખ્યમંત્રીશ્રીને કન્યા કેળવળી નિધિમાં રૂ. ૨૫,૦૦૦/- પારસ વિદ્યાલયના દાતા અને ટ્રસ્ટી શ્રી સંકીતભાઈ દોશી દ્વારા રૂા. ૫૧,૦૦૦/-નો અને વ્યાપારી મહામંડળ દ્વારા રૂા.૫૧,૦૦૦/-નો ચેક અર્પણ કરાયો હતો.

દાતાશ્રી સંકીતભાઈ, ઉત્તમ શિક્ષક શ્રી ઈશ્વરભાઈ વગેરેનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયુ હતું. જ્યારે ધોરણ ૩ થી ૧૦ના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી તખતસિંહ હડિયોલ, શ્રી અશોકભાઈ જોષી, સ્થાનિક અગ્રણી રૂમાલભાઈ પ્રાંત્રી તાલુકા ભાજપા સંગઠન યુવા મોરચા – મહિલા મોરચના અગ્રણીઓ-હોદ્દેદારો, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોલીસ વડા, અન્ય પદાધિકારીઓ-અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યનું એક પણ બાળક શાળાએ ગયા વિનાનું ન રહે : મુખ્યમંત્રી

- રાજ્યનું એક પણ બાળક શાળાએ ગયા વિનાનું ન રહે અને શિક્ષણ મેળવવાથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા ગુજરાત સરકારે શાળા પ્રવેશોત્સવથી સુનિશ્ચિત કરી છે.
- રાજ્ય સરકાર પ્રતિવર્ષ શિક્ષણના પાછળ રૂા. ૨૭ હજાર કરોડ જેટલો માતબર ખર્ચ કરે છે. બાળકોને મફત શિક્ષણ-ગણવેશ-પુસ્તકો અપાય છે તેની પાછળ બાળકો શિક્ષણ મેળવે તેવો ધ્યેય છે.
- સરકારે આદિજાતિ વિસ્તારમાં ૪૫ એકલવ્ય શાળાઓ ઉભી કરી છે અને ૫૫૦ થી વધુ આશ્રમશાળાઓ ચાલે છે. બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ વગેરે જગાએ મેડીકલ કોલેજનો નિર્ણય કર્યો છે. આદિજાતિ પટ્ટામાં શિક્ષકોની ભરતી પણ વેગવાન બનાવી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ શિબિરની શરૂઆત

વિશ્વના તમામ નાગરિકો માનસિક, આધ્યાત્મિક અને શારિરીક શાંતિ મળે તેવા હેતુ સાથે સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે ચોથા વિશ્વ યોગ દિનની ઉજવણી થનાર છે. ગાંધીનગર શહેરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૧૪ થી ૨૦ મી જૂન, ૨૦૧૮ દરમ્યાન દરરોજ સવારના ૬ થી ૭ કલાક સુધી નિશુલ્ક યોગ શિબીરનું આયોજન સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ અને સેકટર-૧ તળાવ ખાતે કરવામાં આવ્યું છે. ગુરુવારે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ ખાતે નિશુલ્ક યોગ શિબીરનો આરંભ થયો હતો. નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ આ નિશુલ્ક યોગ શિબીરનો લાભ લીધો હતો.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૧૪

ગુરુવારથી નવા સત્રની શરૂઆત કરતાં ઈન્ફોસિટીમાં પુનઃ ધોરણ-૧૧ના નવા સાત વર્ગોના વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. નવો પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનું વર્ગમાં ગુલાબનું ફૂલ - સાકરથી સ્વાગત કરી આવકારવામાં આવ્યા હતા.

વર્ગશિક્ષકોએ વર્ગમાં આવકાર આપી ભારતીય સંસ્કૃતિની પ્રણાલિકા સાચવી હતી. આચાર્ય શ્રી ડૉ. પ્રદિપ ગગલાણીએ વર્ષ દરમ્યાન કરનાર પ્રવૃત્તિઓ, પરિક્ષાઓ અને પરિણામોની વિસ્તૃત ચર્ચા કરી વધુ સારા પરિણામ માટે તૈયાર થવા પ્રોત્સાહન આપ્યુ હતું.

ડાયરેક્ટરશ્રી શૈલેષભાઈ પંડ્યાએ શાળામાં પ્રવેશનાર નવા વિદ્યાર્થીઓને શિસ્ત, શાળાના નિયમો સમજાવી શિક્ષણકાર્ય કરવા આહ્વાન આપ્યું હતું. આ પ્રસંગે વર્ગશિક્ષકોનો પરિચય કરાવી ધોરણ ૧૨ના શ્રેષ્ઠ પરિણામ બદલ "સિલ્વર મેડલ" આપી બે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાનો સ્ટાફ, વાલીઓ ઉપસ્થિત રહી ઉત્સાહ બતાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સ્ટાફ મેમ્બર શ્રી તુષારકુમારે કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓના પુસ્તકો અને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એસજી-એસવી શાળાના વિદ્યાર્થીઓ માટે જાદુના શોનું આયોજન કરવામાં આવ્યું

એસ.જી. એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામા ગુરુવારે જાદુનો શો યોજાયો હતો. બાળકોને શાળાના પ્રારંભમાં શાળાથી લગાવ થાય તેમજ શાળાએ આવવું ગમે તે હેતુથી ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે જાદુના શોનું આયોજન સર્વ વિદ્યાલય કેમ્પસમાં સ્થિત ખીમજી વિશરામ હૉલમાં થયું હતું. બાળકોએ મન ભરીને આ જાદુઇ શોની મજા માણી અને નવા નવા જાદૂ શીખ્યા હતા.

આ પણ જાણો

હીરાની ખાણ સૌથી પહેલાં ભારતમાં જોવા મળી હતી.

એક બાજુ ભૂખ્યાં જનો તો બીજી બાજુ ભંડારણ અપૂરતું

બગડતા અન્નને જો રોકવામાં આવે તો બિહાર જેવા રાજ્યની વસતી જેટલા લોકોને દોઢ માસ જમાડી શકાય તેમ છે
એફસીઆઈએ નવેસરથી કેપેસિટી રિવ્યૂ તૈયાર કરીને પરિસ્થિતિને બદલવા સત્વરે એક્શન લેવાની તાતી જરૂરિયાત છે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતમાં પુષ્કળ વિવિધતા પ્રવર્તે છે, તેમાં સમસ્યાઓનો સમાવેશ પણ થાય છે. સવાસો કરોડથી વધુ વસતીવાળા આપણા રાષ્ટ્રમાં બધું જ વ્યાપક છે. એક તરફ ક્યાં નાણાં વાપરવા તેની દ્વિધા છે તો બીજી તરફ આજે કમાણી થશે કે નહીં તેની ચિંતા છે. ૧૯ કરોડ ૪૦ લાખ લોકો પાસે પૂરતું અન્ન ઉપલબ્ધ નથી. મતલબ કે તેઓ ભૂખ્યા રહે છે. તો બીજી તરફ લોકો દ્વારા અન્નનો પુષ્કળ બગાડ થઈ રહ્યો છે અને જો સરકારની ભંડારણ ક્ષમતાની વાત કરીએ તો સરકારના એફસીઆઈ (ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) પાસે બધાં મળીને ૧૮૪૦ જેટલાં સેન્ટર્સ કે વૅરહાઉસ છે, જેમાં અનાજ, કઠોળ કે ધાન્ય પદાર્થો રાખવાની અપૂરતી સવલત છે.

ચોમાસા દરમિયાન વરસાદથી ખુલ્લામાં રાખેલી બોરીઓ પલળી જાય છે તથા અન્ય કહોવાઈ જાય છે. જ્યાં સંગ્રહ થાય તે જગ્યાએ પણ અનાજની સુરક્ષા ઉપલબ્ધ નથી. પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં જે ખેતપેદાશો આવે છે ત્યાં તેના ભંડારણની પર્યાપ્ત સવલતો નથી. નાબાર્ડ દ્વારા ગોડાઉન બનાવવાની યોજના અમલમાં હતી ત્યારે ગુજરાતમાં ઘણી પ્રા. સેવા સહકારી મંડળીઓએ તેનો લાભ લીધો હતો. તેમ છતાં ઘણા જિલ્લા કે વિસ્તારોમાં આ પ્રકારે સુવિધાવૃદ્ધિ કરવામાં આપણે પાછળ રહી ગયા છીએ. નાબાર્ડની સબસીડી પાછળનું મુખ્ય તાર્કિક કારણ કે હેતુ એ સંગ્રહશક્તિમાં વૃદ્ધિ થાય તે સુનિશ્ચિત કરવાનો જ હતો. વિપુલ ઉત્પાદન માર્કેટમાં આવતાં જ મૂલ્યસપાટી તળિયે જાય અને ખેત ઉત્પાદકોને પરેશાની થાય છે.

આજે જે પ્રશ્ન ખેતીવાડીમાં સળગી રહ્યો છે તેમાં ઉત્પાદનનું અપૂરતું મૂલ્ય મુખ્ય છે અને સરકારે મિનીમમ સપોર્ટ પ્રાઈસ જાહેર કરવી જ પડે છે. આ રીતે ટેકાના ભાવથી કૃષિને ટકાવવા જતાં સરકારને અતિ તકલીફ પડી રહી છે અને આવી સ્થિતિમાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જ્યાં માલ (શિંગ, મગફળી) સંગ્રહ કરેલો ત્યાં આગ લાગી જતાં કરોડોની ખોટ ગઈ અને તેલ સસ્તું થાય એમ હતું તે ના થયું.

ખેતપેદાશોને ગમે ત્યાં સંગ્રહી રાખવામાં કયા ગેરલાભ છે તે પ્રજાને પણ જોવા મળ્યાં. પાક વાવેતરથી માવજત, ઉછેર, લણણી અને તે પછી બજારમાં લાવવામાં આવે ત્યારે સ્ટોક રાખવાની કુલ ક્ષમતા નથી. એટલે બજારના નિયમ મુજબ ભાવ નીચે જાય અને પાક લેનારા કંગાળ થયા કરે. આ છે આજની કરૂણ સ્થિતિ. ભૂખ્યાં લોકો ભૂખમરાથી મરી રહ્યા છે અને બીજી તરફ અન્નનો બગાડ થઈ રહ્યો છે. ઉંદર, જીવાત, વરસાદ વગેરેથી પકવેલું ધાન્ય સાવ સડી જાય છે, તેની ચિંતા કોણ કરશે ? ભાતનો એક દાણો ભાણામાં પડ્યો હોય એ જ ઈશ્વર છે, તેની ક્ષમતા ભૂખ્યું પેટ જ જાણી શકે છે. કીડીને કણ અને હાથીને મણ આપવાનું ભગવાનનું આયોજન કદી નિષ્ફળ જતું નથી. પરંતુ માનવના આયોજનમાં લાખો વિઘ્નો, વાદ, વિવાદ વગેરે આવે છે. બગડતા અન્નને જો રોકવામાં આવે તો બિહાર જેવા રાજ્યની વસતી જેટલા લોકોને દોઢ માસ જમાડી શકાય તેમ છે. એફસીઆઈએ નવેસરથી કેપેસિટી રિવ્યૂ તૈયાર કરીને પરિસ્થિતિને બદલવા સત્વરે એક્શન લેવાની તાતી જરૂરિયાત છે. કોઈક વાર કોઈ બંદર ઉપર વિઝીટ કરો તો પણ ખબર પડશે કે પેટના ખાડા પૂરનાર દાણા કે અન્ન કઈ રીતે પડ્યાં હોય છે.

કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદનને સંઘરવાની વ્યક્તિગત ક્ષમતા મુજબ કોઈ ખેડૂત પાસે એ પ્રકારની નોંધપાત્ર સુવિધા જોવા મળતી નથી. પરિણામે બજારમાં જે વચેટિયાઓનો વર્ગ છે તે કમાતો રહે છે. કારણ કે બમ્પર કોપ-વિપુલ પાકનો ખરો લાભ ઉપભોક્તાઓને પણ મળતો નથી. મુખ્ય મુદ્દો ધનધાન્યના બગાડનો છે. ગ્રામીણ વિકાસ અને કૃષિ માટે કામ કરનાર નાબાર્ડને પણ અરજ છે કે આ પ્રશ્ને નવું સર્વેક્ષણ કરાવી કંઈક સંગ્રહ સક્ષમતા અનાજ માટે ઉપલબ્ધ થાય તો ભારતની હાલત સુધરી શકે. લોકોની જાગૃતિ અમલવારીમાં કામ લાગતી હોય પરંતુ માળખાકીય ઢાંચો વધારવામાં તે ખપ લાગતી નથી. આપણે ત્યાં પગરખાં એસી મૉલમાં કાચના કબાટમાં રાખવામાં આવે છે અને જે શાકભાજી, ફળ-ફળાદિ ખાવા માટે ઉપયોગમાં લેવાનાં હોય એ બહાર ટોપલામાં, છાબડીમાં ખુલ્લામાં જેમ-તેમ ભર્યાં હોય છે. છે ને આપણી કરૂણતા !

શેર આસ્વાદ

જો હોય શ્રદ્ધા
મુસાફરને પૂર્ણ મંઝિલમાં
તો આપમેળે વળે છે
કદમ મુકામ તરફ
(અમૃત ઘાયલ)